અમરેલી જિલ્લામાં એએવાય તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે માહે જુન-૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ પ્રમાણ અને ભાવ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૭/જીઓઆઈ/૧૭/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭/૦૫/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૨૮/૦૨/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૭/જીઓઆઇ/૧૭/ક

(૨) વિભાગનો તા.૦૫/03/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૭/જીઓઆઇ/૧૭/ક

(3) ભારત સરકારની તા.૨૧/03/૨૦૧૪ ની ગાઇડલાઇન No.7/10/2013-PY.III

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ માહે માર્ચ-૧૮ થી ઘઉં તથા ચોખાના વિતરણ પ્રમાણ અને ભાવ નક્કી કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવથી અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ માહે એપ્રિલ-૧૯ માટે ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ પ્રમાણ અને ભાવ નક્કી કરવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં માહે એપ્રિલ-૨૦૧૯ દરમ્યાન કુલ ૧૧ તાલુકાઓમાં બાજરીની કુલ ૮૮૯૧૦૦ કિ.ગ્રા. ફાળવણી સામે નિગમના ગોડાઉન પરથી ૮૫૦૭૯૪ કિ.ગ્રા. બાજરીનું વાજબી ભાવના દુકાનદારોને વિતરણ થયેલ છે અને વાજબી ભાવના દુકાનદારો દ્વારા કાર્ડધારકોને ૭૯૬૪૬૯ કિ.ગ્રા. બાજરીનું વિતરણ કરવામાં આવેલ છે. આમ એપ્રિલ-૨૦૧૯ અંતિત નિગમ હસ્તકના ગોડાઉન ખાતે 3૮3૦૬ કિ.ગ્રા. બાજરી તેમજ વાજબી ભાવના દુકાનદારો હસ્તક ૫૪૩૨૫ કિ.ગ્રા. બાજરીનો જથ્થો બચત રહેવા પામેલ છે. આમ બચત રહેલ કુલ ૯૨૬૩૧ કિ.ગ્રા. બાજરીના જથ્થાનું માહે જુન-૨૦૧૯ દરમ્યાન અમરેલી જિલ્લામાં અંત્યોદય તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને વહેલા તે પહેલાના ધોરણે નિયતભાવે વિતરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉકત આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે અમરેલી જિલ્લામાં માહે એપ્રિલ-૨૦૧૯ અંતિત બચત રહેલ કુલ ૯૨૬૩૧ કિ.ગ્રા. બાજરીના જથ્થા અન્વયે માહે જુન-૨૦૧૯ દરમ્યાન અમરેલી જીલ્લાના એએવાય કેટેગરીના લાભાર્થીઓ માટે નીચે દર્શાવેલ કોષ્ટક-૧ મુજબ તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે કોષ્ટક-૨ મુજબ ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ નકકી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

કોષ્ટક-૧ :- એએવાય કેટેગરી માટે માહે જુન-૨૦૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ :-

| અનાજનો પ્રકાર | કાર્ડ દીઠ જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૨૦.૦૦ | ૨.૦૦ |
| ચોખા | ૧૦.૦૦ | ૩.૦૦ |
| બાજરી | ૫.૦૦ | ૧.૦૦ |
| | કાર્ડદીઠ કુલ-૩૫.૦૦ કિ.ગ્રા. | |

કોષ્ટક-૨ :- અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) માટે માહે જુન-૨૦૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ :-

| અનાજનો પ્રકાર | વ્યક્તિ દીઠ જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૨.૦૦૦ | ૨.૦૦ |
| ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| બાજરી | ૧.૫૦૦ | ૧.૦૦ |
| | વ્યકિતદીઠ કુલ-૫.૦૦ કિ.ગ્રા. | |

માહે જુન-૨૦૧૯ દરમ્યાન બાજરીના જથ્થાનું વહેલા તે પહેલાના ધોરણે અમરેલી જિલ્લામાં વિતરણ કરવાનું રહેશે. બાજરીના સંપૂર્ણ જથ્થાનું વિતરણ કર્યા પછી બાકી રહેલા કુટુંબોને આ વિભાગના ઉક્ત સંદર્ભ (૧) થી નિયત થયેલ વિતરણ પ્રમાણ અને ભાવ મુજબ ઘઉં તથા ચોખાનું વિતરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ભગવતી દવે )
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. કલેક્ટરશ્રી, અમરેલી
૪. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, અમરેલી

નકલ રવાના :-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૨. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૩. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર

૪. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

૫. સીલેક્ટ ફાઇલ